Extra No. 211

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JUNE 11, 2025 / JYAISTHA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/SOU/ટાવર/૧૬૦૩/૨૦૨૫, તા.૦૯/૦૬/૨૦૨૫.

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૯૬૯ થી ૭૦૦૩/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણે-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ તેમજ વિવિધ પ્રવાસન સ્થળો આવેલ છે. સદરહું વિસ્તારમાં ઘણીવાર સ્થાનિક લોકો દ્વારા તેઓની વિવિધ માંગણીઓને લઈને ટાવર ઉપર ચડી વહીવટીતંત્ર પર દબાણ લાવવામાં આવે છે. જેથી આવી ઘટનાઓ અટકે તે માટે વિવિધ કંપનીઓના ટાવરોની આસપાસ ફેન્સીંગ તથા અન્ય વ્યવસ્થા કરવા અંગે તથા ટાવર પર અધિકૃત વ્યક્તિઓ સિવાય અન્ય કોઈ વ્યક્તિ ન ચડે તે માટે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી. કે. ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) જિલ્લામાં આવેલ વીજ કંપનીના ટાવર, નેટવર્ક સપ્લાયના ટાવર તેમજ અન્ય ટાવરો પર સંબંધિત કંપની/એજન્સીઓએ ફેન્સીંગ કરાવી અનધિકૃત વ્યક્તિઓ ટાવરના વિસ્તારમાં ન પ્રવેશી શકે તે માટે લોક સિસ્ટમ તેમજ સિક્યુરીટી ગાર્ડ રાખવાના રહેશે.

(૨) જિલ્લામાં આવેલ વીજ કંપનીના ટાવર, નેટવર્ક સપ્લાયના ટાવર તેમજ અન્ય ટાવરો પર સંબંધિત કંપની/એજન્સીઓના અધિકૃત વ્યક્તિઓ સિવાય અન્ય વ્યક્તિઓના ચડવા પર પ્રતિબંધ રહેશે. સંબંધિત કંપની/એજન્સીઓએ તે મુજબની સૂચનાવાળા બોર્ડ તમામ ટાવરો પર લગાડવાના રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૧૦/૦૬/૨૦૨૫ થી તા.૦૯/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૧૬૨ થી ૬૧૯૮/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/૦૫૨૦૨૫/૬ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારો/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ/ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

સદર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા સંબંધે ભારતના બંધારણની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુકત અને ન્યાયી મતદાન માટે તેમજ ચૂંટણી શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવા જરૂરી છે. સદર ચૂંટણી દરમિયાન હથિયારો દ્વારા બન પ્રદર્શન તેમજ શસ્ત્રોની હેરાફેરી પર મનાઈ ફરમાવવી જરૂરી હોઈ. જાહેર શાંતિ અને સલામતીની જાળવણી તેમજ ચૂંટણીઓ નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે આવશ્યક છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી.કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક -સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને આદેશ કરું છું કે,

હથિયાર પરવાનેદારોએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિન-૭ માં જિલ્લાના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીરા હેડ કર્વાટરએ ચૂંટણી હેઠળના વિસ્તારોમાં રહેતા હથિયાર પરવાના ધરાવતા તમામ વ્યકિતઓના હથિયાર કે હથિયારો જમા કરાવવા આવે તે માટે જરૂરી પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથિયાર ચૂંટણીનું પરિણામ જાહેર થયાના એક અઠવાડિયા બાદ એટલે કે તા.૦૩/૦૭/૨૦૨૫ ના રોજથી તરત પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહીં.

જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાં રજુ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજુ કર્યાની સંબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોય તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોપવાના રહેશે,

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરું છું.

અપવાદ

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવે છે.

(૧) સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ(બેંક, કોર્પોરેશન સહિત), સ્થાનિક સ્વરાજ્યના સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય લેવલની શૂટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે.

(૨) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સરકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડદેવડ કરતા હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડ. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(૩) ભારત સરકાર તેમજ રાજય સરકારના આધિકારીઓ /કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર છે.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નર્મદાએ ખાસ પરવાનગી આપેલ હોય.

પોલીસ વિભાગે મુક્તિ આપવા પાત્ર હથિયાર પરવાનેદારોના ઉપર જણાવ્યા મુજબના કાગળોની ખરાઈ કરી, તેઓને હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવાની રહેશે.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૧૯૯ થી ૬૨૩૫/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ન રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવારો/રાજકીય પક્ષો પોતાના ચૂંટણી પ્રચાર માટે અધિકૃત વ્યક્તિ કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યકિત કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શકયતા રહે છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોએ અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો દ્વારા ઉપરોકત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યકિત કે માલીકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે વેજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટાડવા, સુત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાની, નુકશાન કે બગાડ કરવો નહિ કે કરવા દેવો નહિ.

૨. સ્થાનિક કાયદાઓને આધિન ધ્વજ સ્તંભ ઉભા કરવા, બેનર મુકવા, નોટિસો ચોંટાડવી અને સૂત્રો લખવા વિગેરે માટે માલિકની ખારા પરવાનગી સિવાય કોઈ વ્યક્તિની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ, વાહનો વિગેરેનો કોઈપણ વ્યક્તિ ઉપયોગ કરી શકશે નહીં. આમા ખાનગી અને જાહેર બંને પ્રકારની મિલકતોનો સમાવેશ થાય છે.

૩. રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા વિશાળ કટઆઉટ, જાહેરાતના પાટીયા, બેનરો વિગેરે કોઇપણ જાહેર સ્થળે મૂકવા નહી આવા કટઆઉટ, બેનર્સ લગાવવા માટે જાહેર સ્થળો, ખાનગી માલિકીની મિલ્કતો માટે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

૪. હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહિ. કટઆઉટની ઊંચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહિ.

૫. પરવાનગી અપાયેલ દિવાલો, મકાનો કે અન્ય મિલ્કતોને મુળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સંબંધિત રાજકીય પક્ષ-ઉમેદવારની રહેશે. માલ મિલ્કત ઉપર ચૂંટણી વિષયક લખાણ દુર કરવાનો ખર્ચ સંબંધિત રાજકીય પક્ષો, ઉમેદવારો પાસેથી વસુલ કરવાનો રહેશે.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૨૩૬ થી ૬૨૭૨/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.૨૫.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારો/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

સદરહુ ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. જેમાં, પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સૂપષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહે છે. તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની - પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહે છે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રકીયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ સક્ષમ સતાધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

૨. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દવારા ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચકીય/ત્રણ ચકીય/ચાર ચકીય વાહનોનો ઉપયોગ કરી શકાશે તથા કાફલાના કિસ્સામાં નિયત સંખ્યામાં વાહનો રાખવાના રહેશે તથા બે કાફલા વચ્ચે નિયત અંતર રાખવાનું રહેશે.

૩. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલ વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

૪. વગર પરવાનગીએ વાહનમાં લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૩/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૨૭૩ થી ૬૩૦૯/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિત અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સર્મથકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શકયતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર પડવાની શકયતા રહે છે.

જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકારો, સમર્થકો દ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે (સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી.કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય ના રિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સાર્મથકોએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વગેરે સહીત, મંદીરો, મરજીદો, ચર્ચ, ગુરુદ્વારા જેવા ધાર્મિક સ્થળો/ સંસ્થાઓ અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહીં.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારી શ્રી ઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૩૧૦ થી ૬૩૪૬/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ- ૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

રાજય ચૂંટણી આયોગનાં આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભયો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

૨. કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણું-વરંડા સહિત)નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.

૩. ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભવોને લાવતા લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથી ગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૪. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૩૪૭ થી ૬૩૮૩/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/૦૫૨૦૨૫/ક થી રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વયકિતઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈ પણ રાજકિય પક્ષ કે ઉમેદવારો દ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સૂવરૂપે જવું નહી.

૪. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

૫. ચૂંટણીના સરઘસ અને રેલીમાં સુધાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન વજ બેનર્સ કે કટ આઉટ રાખી શકાશે. આવા સરઘસમાં પક્ષે/ ઉમેદવારે પુરા પાડેલ ટોપી માસ્ક સ્કાર્ફ વગેરે પહેરી શકશે. પરંતુ પક્ષે પુરા પાડેલ સાડી/ શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહી.

૬. ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઈ શકશે.

૭. ચૂંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર પક્ષન કાર્યકરો/ નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શિત કરી શકશે નહી.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૩૮૪ થી ૬૪૨૦/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી. સ્થા,સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહેલુલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ

યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. ચૂંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલાં અને રાત્રિના ૧૦-૦૦ કલાક પછી કરવો નહીં.

૨. ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહીં.

૩. સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સૂધીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહીં.

૪. કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૪૨૧ થી ૬૪૫૭/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે..

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા. ૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દવારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાર્ટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ સંગઠન અથવા વ્યકિત ધ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

૨. કોઇપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્રૂવારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પૂર્વ મંજૂરી વગર મુકી શકાશે નહી.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્રમ થશે. આ જહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૪૫૮ થી ૬૪૯૪/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/૦૫૨૦૨૫/ક થી રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

જે અંગે ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો તથા તેમના સમર્થકોને સંબંધિત ચૂંટણી અધિકારીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીમાં જવાનું થશે. જે અંગે ઉમેદવારી પત્ર ભરવા માટે આવતા તથા ચૂંટણી પ્રમાણપત્ર લેવા માટે આવતા લોકો તથા તેમના વાહનો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

કોઈપણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આરસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઈ શકશે નહીં તેમજ સંબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ-૫(પાંચ) વ્યક્તિઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઈ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચૂંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સૂચના લાગુ પડશે.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારી શ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૪૯૫ થી ૬૫૩૧/૨૦૨૫.–રાજય ચૂંટણી ખાયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી. -સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક. તા. ૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બિનઅધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઈ જવા-પરત લાવવા વાહનોનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી વાહનોના આવા દુરૂપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્ષ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો થવાની અને તેના કારણે ચૂંટણીની નિષપક્ષતા જોખમાવાનો પુરો સંભવ છે. જેથી, ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારને અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો વગેરે બાબતો પરત્વે પ્રતિબંધ/નિયંત્રણ ફરમાવવું જરૂરી છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર ઘૂવારા મતદાનના દિવસે ફોર વ્હીલર ગાડીમાં ડ્રાઈવર સાથે પાંચ વ્યકિતથી વધારે બેસી શકાશે નહી તેમજ ઉમેદવાર અથવા તેના એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઈ બીજી વ્યકિત દ્વારા થઈ શકશે નહી.

૨. મતદાનના દિવસે કોઈ પણ ઉમેદવાર તેમના મતક્ષેત્ર દીઠ એક વાહન પોતાના ઉપયોગ માટે, એક વાહન તેમના એજન્ટ માટે તેમજ વધારામાં એક વાહન તેમના કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે વાપરી શકશે.

૩. ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન લોકસભા ઉમેદવારે તેના સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે અને નોંધણી કરાવેલ વાહનની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે અસલ પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્ક્રીન પર ચોંટાડવાની રહેશે.

૪. મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિઃશુલક લઈ જવા તથા પરત લાવવા વાહન પુરૂં પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ પ્રલોભન ઉભું કરવા સામે મનાઈ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૫૩૨ થી ૬૫૬૮/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ/ચટણ-સી.ઓ.સી. સ્થા,સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક. તા. ૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

મતદાન પુરૂ થવા માટે નિયત સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મત વિસ્તાર બહારના રામર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમય ગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી નયાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાક થી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ચૂંટણી પ્રચાર કરવા ઉપર અને,

૨. પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર મતદાન પુરુ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાક દરમ્યાન તથા જો પુન: મતદાન યોજવાનું થાય તો તે દિવસ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૫૬૯ થી ૬૬૦૫/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી.-સ્યા.૨વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક. તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતના ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક:- ૪૬૪/ આઈએનએસટી/ ૦૧/ પીએલએન ૧/તા. ૧૨/૧/૨૦૦૧ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૦૧-૪૮ (૨) છે. તા.૨૩/૧/૨૦૦૧ થી સૂચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં આવેલ દરેક મતદાન મથક/મથકોએ મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ. ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ,

૧. કોઈપણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહીં કે તેવી કોશિષ કરવી નહીં.

૨. મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફક્ત ૧(એક) કેમ્પ જેમાં ૧(એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

૩. જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચૂંટણી અધિકારીને તે કયા કયા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ, (ગ્રામ પંચાયત/નગર પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકા)ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

૪. આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચૂંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

૫. ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિ. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

૬. આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

૭. મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

૮. ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડલેસ ફોન્સ, વાયરલેસ સેટસ લઈ પ્રવેશ કરી શકાશે નહિ.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૩/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૬૦૬ થી ૬૬૪૨/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/૬ થી રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાયપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક. તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

ચૂંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ચૂંટણી કાયદા, આચારસંહિતા અને રાજ્ય ચૂંટણી આયોગ સુચનાઓનો ભંગ કરતા શોર્ટ મેસેજ (SMSS) પ્રસારિત થતા અટકાવવા મતદાન પુર્ણ થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાક દરમ્યાન રાજકીય પ્રકારના SMSs મોકલવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ, મતદાન દિવસ તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાક થી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ SMS મોકલવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સામય

SVAP કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહિત કરતા, રાજ્ય ચૂંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવતા SMSs ને લાગુ પડશે નહી.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર મતદાન પુરુ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાક દરમ્યાન તથા જો પુન: મતદાન યોજવાનું થાય તો તે દિવસે સુધી અમલમાં રહેશે

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૬૪૩ થી ૬૬૭૯/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના કુકમથી મળેલ સત્તાની રૂએ કરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મયદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. મત માટે પ્રચાર કરવો.

૨. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા,

૩. કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

૪. અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

૫. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

૬. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટસ કે નિશાની પ્રદર્શિત કરવી.

૭. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવાની..

૮. વાહનો સાથે આવવુ. (અપંગ/અશકત વ્યકિતઓને લાગુ પડશે નહી.)

૯. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

વંચાણે લીધું :-

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૬૮૦ થી ૬૭૧૬/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા સ્વ.૧૩ (૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક. રાચપ-ચટણ-સી.ઓ.સી.સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૬ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

લોક પ્રતિનીધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૧૨૭-ક ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત, પ્રકાશકનું નામ, મુદ્રકનું નામ તેમજ સરનામું લખેલ ન હોય. તેવા કોઈપણ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અને તેમ કરવામાં આવે તો લોક પ્રતિનિધિત્વ ધારાના ભંગ બદલ છ માસ સુધીની કેદ અથવા રૂપીયા બે હજાર સુધીના દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થાય છે. તેમજ મુદ્રણાલયનું લાયસન્સ પણ રદ થઈ શકે છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું સી. કે. ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના વિસ્તારોમાં,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા સદરહુ ચૂંટણીને લગતા કોઈપણ ચોપનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતાં પહેલાં પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યક્તિઓન સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચૂંટણી સાહીત્ય છાપવાના રહેશે. અને પ્રિન્ટીંગ કરેલ સાહીત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા, ફોન તથા મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે. હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે.

૩. મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં "એપેન્ડીક્ષ-એ" અને "એપેન્ડીક્ષ-બી" ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દીવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

અમલવારીનો સમય

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો સંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

સી. કે. ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.06.26 13:19:11 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara